# ડીસાનાં વેલુંનગરમાં ગંદકીનાં ખડકલા : સ્થાનિકોમાં રોષ

ડીસા, તા. ૧૩

ડીસા શહેરમાં ગંદકીની સમસ્યાને લઈ શહેરવાસીઓ ત્રાહિમામ પોકારી રહ્યા છે. શહેરના વોર્ડ નં. ૨ માં આવેલ વેલુંનગર સોસાયટીમાં ઘણા સમયથી છવાયેલ ગંદકીના સામ્રાજ્યને પાલિકા તંત્ર દૂર ન કરાતા સ્થાનિક રહીશો અને મહિલાઓએ પોતાનો રોષ વ્યક્ત કર્યો છે અને પાલિકાના સેનિટેશન તંત્ર તાત્કાલિક આ ગંદકી દૂર કરાવે તેવી માંગ કરેલ છે.

આ સમસ્યાની વાત કરીએ તો ડીસા શહેરના વોર્ડ-૨માં સમાવિષ્ટ શાંતિનગરમાં છેલ્લા ઘણા સમયથી ગંદકીનું સામ્રાજન્ય છવાયું છે. માર્ગોના કોઈ ઠેકાણા નથી. રસ્તાઓ પાણીથી ઉભરાઈ રહ્યા છે. કોમન પ્લોટ ગંદકીના ઉકરડામાં ફેરવાયા છે. ગટરો ગંદા પાણીથી ઉભરાઈ રહી છે. જેમાં ઝેરી મચ્છરોનો ઉપદ્રવ સર્જાતા રોગચાળાનો ખતરો મંડાયો છે. આ બાબતે વારંવાર નગરપાલિકાને રજૂઆત કરવા છતાં તેનો કોઈ ઉકેલ નહી આવતા મહિલાઓ નગરપાલિકા સામે લાલઘૂમ બની હતી. અને આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે એક બાજુ ગરમી સાથે અસહ્ય બફારો જનજીવનને અકળાવી રહ્યો છે ત્યારે અમારા વિસ્તારમાં ફેલાયેલ ગંદકી રોગચાળો નોતરે તેવી ભીતિ સેવાઈ રહી છે.

આ બાબતે વારંવાર રજુઆતો કરવા છતાં નગરપાલિકાના સત્તાધીશોના પેટનું પાણી હાલતું નથી. વળી ગંદકીને કારણે બિમારીનો ઉપદ્રવ પણ શરૂ થઈ ગયો છે. જો તાત્કાલિક આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો સ્થાનિકો અને મહિલાઓ રણચંડી બની નગરપાલિકાનો ઘેરાવો કરી તોડફોડ કરશે તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે નગરપાલિકાએ આ બબાતની સત્વરે નોંધ લી કાર્યવાહી હાથ ધરવી જરૂરી બની છે.

પાલિકાના પૂર્વ પ્રમુખના વોર્ડ નં. ૨ માં જ આ સમસ્યાથી લોકો પીડાઈ રહ્યા છે. શહેરને આધુનિક બનાવવાની વાતો કરતા સત્તાધીશોના પોતાના મત વિસ્તારમાં જ આ સમસ્યા હોય તો અન્ય વિસ્તારોમાં શી હાલત હશે ? તેવો પ્રશ્ને સતાવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ગંદકીની સમસ્યાથી પીડિત એક વિસ્તારના રહીશોએ કેટલાક સમય પહેલા નગરપાલિકા પ્રમુખને ભગવાન સદ્‌બુદ્ધિ આપે તે માટે યજ્ઞો યોજ્યો હતો. ત્યારે શહેરને વિકાસની નવી દિશા આપનાર પાલિકા પ્રમુખ વેલુંનગર અને તેના આસપાસના વિસ્તારોમાં જમા થયેલી ગંદકી સત્વરે દૂર કરાવે તેવી ન્યાયિક માંગ અહીંથી ઉઠવા પામી છે.

# અરવલ્લીમાં સાંજના વાતાવરણમાં અચાનક પલટો


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા.૧૩

અરવલ્લી જિલ્લામાં આજે તાપમાનમાં ગરમીના પ્રમાણમાં ૨ ડીગ્રી પારો ગબડતાં જિલ્લાના પ્રજાજનોને રાહત થઈ હતી. જયારે સાંજના ૬ વાગ્યાના સુમારે જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો આવતાં વાદળછાયુ વાતાવરણ બની ગયું હતું. જેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી પરંતુ પવનની ગતિ સામાન્ય કરતાં વધારે રહેતા પવન ફુંકાવાની સાથે જિલ્લા ભરમાં ધુળની ડમરીઓ ઉડી હતી.

## ઠંડી શીત લહેર પ્રસરી, ધૂળની ડમરીઓ ઉડી

અરવલ્લી જિલ્લામાં આજે દિવસ દરમિયાન વાદળછાયુ વાતાવરણ રહેતાં તાપમાનનું પ્રમાણ આશરે ૨ ડીગ્રી જેટલું ઘટયું હતું. પરંતુ વાદળ છાયા વાતાવરણથી બફારો વધી જતાં પ્રજાજનો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. આજે સાંજના સમયે હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો અને સાંજના સમયે ધુળની ડમરીઓ છવાઈ જતાં વાદળછાયા વાતાવરણ અનો હવામાન પલટાયાનો અહેસાસ અનુભવાયો હતો. છેલ્લા ૧૫ દિવસથી ગરમીમાં સતત વધારો જોવા મળ્યો હતો. જયારે અમુક દિવસે તો અરવલ્લી જિલ્લામાં પારો ૪૫ ડીગ્રીએ પહોંચી જતાં લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠયા હતા પરંતુ આજે બપોર પછી વાતાવરણમાં પલટો આવ્યો હતો અને આકાશમાં વાદળો છવાયા હતા તેમજ પૂરઝડપે પવન ફુંકાતા હવામાનમાં ઠંડક પ્રસરી હતી પરંતુ પવનની સાથે ધૂળની ડમરીઓ વાતાવરણમાં ફેલાતા સમગ્ર વાતાવરણ જિલ્લામાં ધૂંધળું બની ગયું હતું.

# ઝેરીયાવાડા નજીક કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો



(તસવીર : મુકેશ ડામોર, ઈસરી)

ઈસરી, તા. ૧૩

ગુજરાતમાં વિદેશી દારૂના શોખીનો વિપુલ પ્રમાણમાં હોવાથી અને ગુજરાતમાં વિદેશી દારૂ વધારે પીવાવાની સાથે દારૂબંધીના કારણે આંતરરાજ્ય બુટલેગરો વધુ નફો રળી લેવા ગુજરાતમાં મોટા જથ્થામાં વિદેશી દારૂ સપ્લાય કરતા હોય છે. ત્યારે રેન્જ આઈ.જી. હસમુખ પટેલે ચાર્જ સંભાળતાં જ ગુજરાતમાં સૌથી વધુ પ્રમાણમાં ઉપયોગ લેવાતી રતનપુર ચેકપોસ્ટ સરહદ પર સઘન પેટ્રોલિંગ હાથ ધરી બુટલેગરો ઝડપી પડાતા બુટલેગરો દ્વારા ગુજરાત રાજ્યની અન્ય સરહદનો ઉપયોગ કરી વિદેશી દારૂ ઘૂસાડવા મરણીયા બન્યા છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઝેરીયાવાડા ગામ નજીકથી હોન્ડાસીટી કારમાંથી ઈસરી પોલીસે ૪૬,૬૦૦ નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. ઈસરી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. અને તેમની ટીમ દ્વારા રાજસ્થાન નજીક આવેલ સરહદ પર સઘન પેટ્રોલિંગ હાથ ધરી બુટલેગરોને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે. ત્યારે ઈસરી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. પેટ્રોલિગં કરી રહ્યા હતા ત્યારે એક શંકાસ્પદ હોન્ડાસીટી કાર (નં. જીજે૧એચજી-૧૮૩૪)ને ઝડપી પાડી તલાશી હાથ ધરતાં કારની અંદરના ખાનામાં છુપાવીને રાખેલી વિદેશી દારૂની નંગ-૧૨૪ બોટલ કિંમત રૂ. ૪૬,૬૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. આમ ઈસરી પોલીસે ૪૬,૬૦૦નો વિદેશી દારૂ અને કાર કિંમત ૨,૦૦૦૦૦ મળી કુલ રૂ. ૨,૪૬,૬૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. જ્યારે હોન્ડા કારને ચાલક ફરાર થઈ જતાં ઈસરી પોલીસ સ્ટેશન દ્વારા ગેરકાયદેસર રીતે વગર પાસપરમિટ વગરનો વિદેશી દારૂ ગુજરાતમાં ઘુસાડવા માટે અજાણ્યા કાર ચાલક વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર કારચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પ્રાંતિજની અઢાર પ્રાથમિક શાળાઓમાં એન.એમ.એમ.એસ.ના ફ્રી કોચિંગ ક્લાસ શરૂ

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સા.કાં.ના નિયામકની પ્રેરણા અને તાલુકા વિકાસ અધિકારી પ્રાંતિજ અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રાંતિજના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ તાલુકાના અઢાર પ્રાંતિજ શાળાઓમાં એન.એમ.એમ.એસ.ના ફ્રી કોચિંગ ક્લાસનું આયોજન કરવામાં આવ્યું છે.



મળતી માહિતી મુજબ વેકેશન દરમ્યાન જે તે કેન્દ્રના હેડ ટીચર અને સાથી શિક્ષકોની મદદથી તા. ૧-૫-૨૦૧૫થી તા. ૭-૬-૨૦૧૫ સુધી ૨૪ દિવસ સુધી ધોરણ-૮માં અભ્યાસ કરતાં આર્થિક મંદ પણ સ્કોલર વિદ્યાર્થીઓને ગહન કોચિંગ આપવામાં આવનાર છે. સદર એન.એમ.એમ.એસ.ની પરીક્ષા ઉંચા મેરીટથી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને ધોરણ-૮ થી ૧૨ સુધી સરકાર દ્વારા શિષ્યવૃત્તિ મળે છે તેનો લાભ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મળે તેવા શુભ આશયથી આ ફ્રી કોચિંગ ક્લાસનું આયોજન કરવામાં આવેલ છે. સદર ક્લાસમાં મહત્તમ હેતુલક્ષી પ્રશ્નો તૈયાર કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ પણ નિયામક દ્વારા આપવામાં આવનાર છે. આ કોચિંગ ક્લાસમાં વેકેશન સમયગાળામાં પણ શાળાના હેડ ટીચરો અને શિક્ષકોનું યોગદાન ઘણું આવકારદાયક છે. સદર કોચિંગ ક્લાસનો લાભ મહત્તમ બાળકો લે તે માટે વાલીઓને અપીલ પણ કરવામાં આવી છે અને તે માટે તાલુકા પંચાયત કચેરી શિક્ષણ શાખા પ્રાંતિજનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# ખંભીસર પંથકના ૨૧ ગામોની પાણીની તરસ છીપાશે

## પંથકના ૨૧ ગામોને નર્મદા-માઝૂમ યોજનાનો લાભ મળશે



મોડાસા, તા. ૧૩

મોડાસા તાલુકાના ખંભીસર પંથકના ગામોમાં દર ઉનાળે પીવાના પાણીની મુશ્કેલી કાયમી અર્થે દૂર કરવા રાજ્ય સરકાર દ્વારા નર્મદા-માઝૂમની પાણી વિતરણ યોજનાને મંજુરી આપતા આ વિસ્તારના ગામોમાં પીવાના પાણીની મુશ્કેલી દુર કરવામાં આવશે. છેલ્લા કેટલાય વર્ષોથી આ વિસ્તારની પ્રજા ભર ઉનાળે પીવાના પાણી માટે વલખા મારતી હતી જે આ યોજનાને લીધે અહીની પ્રજાને રાહત મળશે. પીવાના પાણી માટે પડતી મુશ્કેલીનો નિવેડો લાવવા માટે વારંવાર આ વિસ્તારોમાંથી રજુઆતો કરવામાં આવતી હતી ત્યારે તંત્ર દ્વારા નેચરલ ગ્રેડીયેસ્ટ ધરાવતા વિસ્તારમાં હેડ વર્કસ (ઉંચી પાણીની ટાંકી) વસ્તીના પ્રમાણમાં સરકાર દ્વારા સમ્પ બનાવવાની યોજના તાત્કાલિક અસરથી મંજૂર કરી પ્રજાની તરસ બુઝાવશે અને યોજનાથી માઝૂમનું પેયજળ મળનાર છે. આ યોજના હેઠળ આવતા ગામોમાં તાત્કાલિક ધોરણે યોગ્ય જગ્યાની ફાળવણી કરી કામગીરી શરૂ કરાશે. પીવાના પાણી માટે યોજનાને મંજુરી આપતા આ વિસ્તારની પ્રજામાં આનંદની લાગણી છવાઈ છે.

**કયા ગામોને લાભ મળશે**

ખંભીસર, મેઢાસણ, મડાસણા, દાવલી, સરડોઈ, રામપુર, વાંટા રામપુર, શામપુર, પાદર, લાલપુર, છાતેશ્વરી, પલીયાપુર, ટીંટીસર, સજાપુર શાલમપુર, દેવીપુરા, બોલુન્દ્રા, ભાટકોટા

# મજરા પાસે બીન અધિકૃત રીતે ધમધમતી ફેક્ટરી

## કામદારો પણ બધાં બીજા રાજ્યના હોવા છતાં કોઈજ જાતના પુરાવા પણ પોલીસસ્ટેશનમાં આપેલ નથી : કલેક્ટરના જાહેરનામાનો ભંગ પણ થઈ રહ્યો છે

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે આઠ મજરા ચોકડી સાબર કોલેજ પાછળ આવેલ ખેતીની જમીન ઉપર છેલ્લા દશ વર્ષથી પણ વધારે સમયથી ટીશર્ટ બનાવતી ફેક્ટરી ચાલે છે અને ફેક્ટરી માલિક દ્વારા બિંદાસ પણે ફેક્ટરી ચલાવવામાં આવે છે. જ્યારે ખેતીની જમીનમાં ચાલતી ફેક્ટરી બધી રીતે ગેરકાયદેસર હોય તેવું આજુબાજુના રહીશો જણાવી રહ્યા છે.

મળતી માહિતી મુજબ મજરા ચોકડી પાસે આવેલ સાબર કોલેજની પાછળના ભાગમાં બિન અધિકૃત રીતે ચાલતી ટીશર્ટ બનાવતી ફેક્ટરી આજકાલ ચર્ચાઓનું જોર પકડ્યું છે અને જાણવા મળ્યા મુજબ તે પ્રમાણે આ ફેક્ટરી માલિક દ્વારા કોઈપણ જાતની પરમીશન કે ખેતીની જમીનમાં ઉભી કરી દેતા અને શરત ભંગ કરી બિંદાસ પણે હાલ તો કેટલાય વર્ષોથી તંત્રની રહેમ નજર હેઠળ ચાલે છે. ત્યારે નવાઈની વાત તો એ છે કે વીજતંત્ર એ પણ કયાં પુરાવાના આધારે વિજ લાઈન આપી એ પણ એક પ્રશ્ન છે. જ્યારે હાલ તો સામાન્ય માણસને લાઈટ લેવી હોય તો આભના તારા ગણવા જેવી વાત છે. જ્યારે અહીં ફેક્ટરીમાં કામ કરતાં મજુરો પણ બધાં બહારના રાજ્યના છે અને બધાં મજુરોમાંથી એકપણ મજુરીનું પોલીસ તંત્રમાં જાણ કે ફોટો પ્રુફ કે નોંધણી કરવામાં આવી નથી. આમ ફેક્ટરી માલિક દ્વારા કલેક્ટરના જાહેરનામાનો પણ ભંગ થતો હોવાનું જાણવા મળ્યુ છે. જ્યારે ખેતીની જમીનમાં ફેક્ટરી ઉભી કરી દેતા તલાટીની પણ મીલી ભગત બહાર આવે તેમ છે. અને ગ્રામ પંચાયતમાં લાગુ પડતું હોવાથી અહી ફેક્ટરી માલિક દ્વારા આજદિન સુધીનો કોઈ વેરો પણ ભર્યો નથી આમ સરકારી આવકમાં પણ ફેક્ટરી દ્વારા કોઈ પાઈનો પણ ફાયદો થયો નથી પણ હાલ તો તંત્રના બાબુઓ પોતે પોતાના ખીચા ભરી રહ્યા છે. જ્યારે ખરેખર તંત્ર દ્વારા તપાસ થાય તો ફેક્ટરી માલિક તથા વિજ પુરવઠો, પાણી તથા બાંધકામથી લઈ કોની કેટલી મજુરી છે અને શરતંભગ થઈ છે કે કેમ બધું બહાર આવે તેમ છે. જ્યારે હાલ તો બિંદાસપણે ફેક્ટરીમાં કામ ચાલુ છે. ત્યારે હજું પ્રાંતિજ તથા તાલુકામાં આવી બિનઅધિકૃત ચાલતી કેટલીક ફેક્ટરીઓ છે છતાં તંત્ર હાથ ઉપર હાથ મુકીને બેઠું છે. તો શું બધી જગ્યાએ તંત્રની સાંઠગાંઠ હોય તેવું પંથકના લોકો જણાવી રહ્યા છે.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા પંથકમાં ગરમીનો પારો ઉચકાયો

## ઈડરમાં સૌથી વધુ ગરમીનો પ્રકોપ : પ્રજાજનો હેરાન-પરેશાન


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડા,તા.૧૩

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ઈડર, ભિલોડા, શામળાજી, વિજયનગર પંથકમાં ગરમીનો પારો ઉચકાયો છે.ઈડરમાં સૌથી વધુ ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતાં પ્રજાજનો હેરાન-પરેશાન બન્યા છે. ઈડર, ભિલોડા, શામળાજી, વિજયનગર પંથકમાં ઉનાળાની ઋતુ દરમ્યાન અસહ્ય કાળઝાળ ગરમીના તાપમાનનો પારો ઉચકાયો છે. સાબરકાંઠા જીલ્લાના ઈડરમાં સૌથી વધુ ગરમીનું પ્રમાણ જોવા મળી રહ્યું છે. ઉનાળાની ઋતુ દરમ્યાન ગરમીનો અહેસાસ થાય ત્યારે ઈડર યાદ ન આવે તેવું ભાગ્યે જ બનતું હોય છે.છેલ્લા કેટલાક દિવસોથી પ્રજાજનોને રીતસરની ગરમી અકળાવી રહી છે. અબાલ, વૃધ્ધ, નાના-મોટા સૌ-કોઈ અસહ્ય કાળઝાળ ગરમીમાં રીતસર પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા છે.ભિલોડા અને ઈડરમાં ગરમીનું તાપમાન દિન-પ્રતિ-દિન વધતાં પ્રજાજનો પરસેવાથી રેબઝેબ બની રહ્યા છે. ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમી તો બે મહિના સુધી હજુ તો પ્રજાજનોને સહન કરવી પડશે તેમ લોકમુખે ચર્ચાય છે.અસહ્ય કાળઝાળ ગરમીના કારણે પ્રજાજનો પરસેવાથી નાઈ રહ્યા હોય તેવો માહોલ સર્જાયો છે. આગામી દિવસોમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રી થી ૪૫ ડિગ્રી સુધી પહોંચી જાય તેવી સંભાવના સેવાઈ રહી છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતાં ઝાડા-ઉલટીના કેસો પણ પ્રકાશમાં આવી રહ્યા છે.દવાખાનાઓમાં દર્દીઓના કીડીયારાં ઉભરાઈ રહ્યા છે.ગરમીના માહોલમાં નાના બાળકો સૌથી વધુ બિમાર પડતાં હોય છે.પ્રજાજનોની આકરી કસોટી કરવાનું શ્રી સુર્યનારાયણ ભગવાને જાણે કે નક્કી કર્યું હોય તેમ છેલ્લા કેટલાક દિવસોથી ગરમીના પ્રમાણમાં દિન-પ્રતિ-દિન વધારો નોંધાતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

૨૧મી સદીના હાઈટેક યુગમાં વૃક્ષોનું પ્રમાણ દિન-પ્રતિ-દિન ઘટતાં ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરો છેલ્લા કેટલાક વર્ષોથી વર્તાઈ રહી છે.સિમેન્ટ-કોક્રીટના મકાનો,બિલ્ડીંગો દિન-પ્રતિ-દિન ઠેર-ઠેર બની રહ્યા છે જેના કારણે ગરમીનો પ્રકોપ વધતો હોય તેમ લોકમુખે ચર્ચાય છે.લીલાં વૃક્ષો ઠેર-ઠેર જેટલા કપાય છે તેટલા વૃક્ષો વાવવામાં આવે તો અસહ્ય કાળઝાળ ગરમીના પ્રામણમાં ચોક્કસ ઘટાડો થઈ શકે તેમ છે.અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં આજે ૪૦ ડિગ્રી થી ૪૨ ડિગ્રી સુધી ગરમીના તાપમાનનો પારો જોવા મળી રહ્યો છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD  Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે